## ડાયરેક્ટ ❤ સે

ભૂલ એ પાનું છે
અને સંબંધ એ પુસ્તક
જરૂર પડ્યે
પાનું ફાડી નાખજો,
પુસ્તકને બચાવી લેજો

## જન્મદિને વધામણી



**મહેશ ડી ઠાકોર**
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩



**દક્ષ ભરતભાઈ વાઘેલા**
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# બીસીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નેચર વોક





ગાંધીનગર, તા.૨૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ - બી.સી.એ. , ગાંધીનગર દ્વારા તારીખ ૨૫ અને ૨૬ દરમિયાન અનુક્રમે ઈંદ્રોડા પાર્ક અને અરણ્ય વન ખાતે નેચર વોકનું આયોજન કરવામાં આવ્યું હતું.

નેચર વોકના માધ્યમ દ્વારા સેમિસ્ટર-૧ના વિદ્યાર્થીઓ એકબીજાનો પરિચય કેળવે તે હેતુથી આ વિદ્યાર્થીઓને Google, FB, Xender, Whatsapp, android, V-Chat, JAVA વગેરે જેવા અલગ અલગ ૧૨ ફેમિલીમાં ડિવાઈડ કરવામાં આવ્યા હતા. એકબીજાથી અપરિચિત એવા આ વિદ્યાર્થીઓમાં ફમિલીના કન્સેપ્ટ- કૌટુંબિક ભાવના જાગૃત કરવા અને તેઓમાં રહેલી વિવિધ આંતરિક શક્તિઓને ખીલવવા માટે વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન ઈંદ્રોડા પાર્ક અને અરણ્ય વન ખાતે કરવામાં આવ્યું હતું. ઉત્સાહ અને શક્તિનો ધોધ એવા આ નવયુવાનોમાં ખેલ અને રમતગમત પ્રત્યેના તેમના લગાવને ધ્યાનમાં રાખીને તેઓ માટે ફૂટબોલ, ક્રિકેટ, ખો ખો જેવી વિવિધ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ઘોંઘાટ ભરી આ જીંદગીની દોડમાં પોતાના આવાજને શાંત કરીને પ્રકૃતિને બોલવા દઈ- વાતાવરણમાંથી ઉદભવતા વૃક્ષો, પાંદડા અને વન્ય પશુ-પંખીઓના આવાજને પણ "નેચર વોક" દ્વારા તેઓએ માણ્યો. પ્રકૃતિમાના જીવ-જંતુ, તળાવ કે વૃક્ષો અને વેલીઓમાથી તેઓ હાર્ડ વર્ક, મેનેજમેંટ, ડિસિપ્લિન અને સાથે મળીને એકતાથી રહેવું તેના પાઠ શીખ્યા. "સાથે ભણવું, સાથે રમવું અને સાથે જમવું"ના ઉદેશ્ય સાથે દરેક વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી લાવેલ ભોજન અન્ય સાથે શેર કરી- સમૂહ ભોજનકર્યું અને પોતાને થયેલા વિશિષ્ટ અનુભવોને પણ શેર કર્યા.

આમ આ બે દિવસીય નેચર વોકના કાર્યક્રમ દરમ્યાન B.P.C.C.S.- બી.સી.એ. કોલેજના સેમેસ્ટર-૧ના ૨૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ભણવાની સાથે સાથે જીવન ઘડતરના નવા નવા અનુભવ કર્યા. નેચર વોકનું સંપૂર્ણ આયોજન ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ ડો.અભિજીતસિંહ જાડેજા, પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. મોનિકા પટેલ, પ્રો. જિગ્નેશ પટેલ, પ્રો. વિજય સિંઘ, પ્રો.પૂજા જોશી, પ્રો.બિજલ પરમાર, પ્રો. રિમા શેલત, પ્રો. ભાવના પટેલ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું જેમાં કોલેજના તમામ આધ્યાપક મિત્રો અને ગેર અધ્યાપક મિત્રોનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા

# એચ. આર. અંતર્ગત "ટ્રેનીંગ એન્ડ ડેવલોપમેન્ટ" બાબતે વર્કશોપનું આયોજન





ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના તૃતીય વર્ષના ૧૮૦ વિદ્યાર્થીઓ માટે એચ.આર. ક્ષેત્રે સફળ કારકિર્દીના ઘડતર માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શૈલેશ ચોરસિયા, સીનીયર મેનેજર (મેક્સલાઈફ ઈન્શ્યોરન્સ) દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજ તરફથી પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના દ્વારા મુખ્ય વક્તાને આવકારવા માં આવ્યા હતા તેમજ તેમનો પરિચય આપ્યો હતો. શૈલેષભાઈ દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી ના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યક્તિનો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કઈ રીતે અગ્રેસર થઈ શકે તે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી. સાથે સાથે વિદ્યાર્થીઓ ને ઈન્ટરવ્યું માટેની તૈયારી બાબતે પણ ખુબ ઉપયોગી માર્ગદશન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ની બીબીએ કોલેજ વિદ્યાર્થીઓ ને પ્લેસમેન્ટ તેમજ ઈન્ટર્નશીપ બાબતે વર્ષ પર્યંત પ્રયત્નશીલ રહે છે. સાથે સાથે સમગ્ર વર્ષ દરમ્યાન અભ્યાસક્રમ ની સાથે સાથે વિવિધ વિષયો પર ગુણવત્તા સભર તાલીમ વર્ગ નું પણ આયોજન કરે છે. જે તેઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે. સમગ્ર વર્કશોપનું આયોજન કોલેજ નાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ ડો. જયેશ તન્ના, પ્રો. અમિતા પ્રજાપતિ, ડો. આશિષ ભુવા દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

# નગરના નાટ્યકાર હસમુખ મેંકવાન 'કલારત્ન ઍવોર્ડ'થી સન્માનિત



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સિનિયર નાટ્યકાર હસમુખ મેંકવાનને નડિયાદ શહેર તાલુકા પૅન્શનર્સ ફૉરમ તરફથી 'કલારત્ન ઍવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

સાક્ષરનગરી નડીયાદ ખાતે નડીયાદ શહેર તાલુકા પૅન્શનર્સ ફૉરમનું નવમું વાર્ષિક અધિવેશન આંબેડકર ભવન, નડીયાદ ખાતે તાજેતરમાં યોજવામાં આવ્યું હતું. આ સમારોહ અંતર્ગત કલાક્ષેત્રની વિવિધ પાંચ પ્રતિભાઓને 'કલારત્ન ઍવોર્ડ' એનાયત કરવામાં આવ્યા હતા. ગઝલ ક્ષેત્રે વિરેન્દ્ર ભટ્ટ, સુગમ સંગીત ક્ષેત્રે અનુજ વણકર, શાસ્ત્રીય ગાયન ક્ષેત્રે હર્ષ ડાભી, ભરતનાટ્યમ ક્ષેત્રે ગાર્ગી દેવદત્ત ગોઠી અને નાટ્ય ક્ષેત્રે હસમુખ મેંકવાનને આ ઍવોર્ડથી સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે હસમુખ મેંકવાનને આ અગાઉ અખિલ ભારતીય મુલ્કી સેવા નાટ્ય સ્પર્ધામાં રાષ્ટ્રકક્ષાએ શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો સર્વોચ્ચ ઍવોર્ડ (૨૦૦૩) અને તે અન્વયે સચિવાલયની કલ્યાણ સમિતિ દ્વારા ગુજરાત રાજ્યના ચીફ સૅક્રેટરી જ્યૉર્જ જૉસેફના હસ્તે પારિતોષિક અને સન્માન પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત ગાંધીનગરની સંસ્થા અવસર કલા મંદિર દ્વારા 'સન્માનમ-૨૦૦૬' અંતર્ગત ઍવોર્ડ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ત્રિઅંકી નાટ્યસ્પર્ધામાં શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો ઍવોર્ડ (૨૦૦૯), સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી પ્રસંગે ઍવોર્ડ (૨૦૧૦) અને ગુજરાતી કૅથલિક સમાજનો ગૌરવ પુરસ્કાર (૨૦૧૦) પણ તેમની યશકલગીમાં સામેલ છે.

સમારોહના આરંભે મહામંત્રી કાન્તિભાઈ બી શર્માએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. ત્યારબાદ નવા પ્રમુખ તરીકે ડૉ. કે પી રાજભારતીની સતત ચોથી વખત સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સમારોહ અંતર્ગત ઍવોર્ડ ઉપરાંત વરિષ્ટોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

સમારોહના ઉદ્ઘાટક તરીકે ગુજરાત પૅન્શનર સમાજ, અમદાવાદના પ્રમુખ ઍસ ઍમ જોષી, અતિથિ વિશેષ તરીકે ખેડા જિલ્લા પૅન્શનર મંડળ, નડીયાદના પ્રમુખ દશરથભાઈ શાહ અને સોલા સિવિલ હૉસ્પિટલના પૂર્વ ઑડિયોલૉજીસ્ટ અને સ્પીટ પેથોલૉજીસ્ટ ડૉ. રણજીતકુમાર ઉપસ્થિત રહ્યા હતા.

# કેઍસવી ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન દ્વારા લકુલીશ યોગ યુનિવર્સિટીની મુલાકાત

ગાંધીનગર, તા.૨૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩ની ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, આર ઍચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજ તેમજ વકીલ શ્રી ડી ઍચ પટેલ ડિપાર્ટમૅન્ટ ઑફ ઍજ્યુકેશન દ્વારા શુક્રવારે લકુલીશ યોગ યુનિવર્સિટી અને અડાલજની વાવની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન લકુલીશ યોગ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. ચંદ્રસિંહ ઝાલાએ યોગ એટલે શું ? વિવિધ આસનો, પ્રાણાયામ, યોગ વિશેના વિવિધ ગ્રંથોની માહિતી આપી હતી. તાલીમાર્થીઓને ઈતિહાસ વિશેનું જ્ઞાન પ્રાપ્ત થાય તો હેતુથી અડાલજની ઐતિહાસિક વાવની મુલાકાતનું આયોજન પણ ફૅકલ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન દ્વારા પ્રેરણાદાયી વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા.૨૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩ની ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, આર ઍચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજ તેમજ વકીલ શ્રી ડી ઍચ પટેલ ડિપાર્ટમૅન્ટ ઑફ ઍજ્યુકેશન દ્વારા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ માટે પ્રેરણાદાયી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

તજજ્ઞ તરીકે ઉપસ્થિત જે સી પટેલે જીવનમાં તણાવમુક્ત કઈ રીતે રહી શકાય, વર્તમાન પરિસ્થિતિમાં કઈ રીતે આનંદ મેળવી શકાય, એકબીજાના પૂર્વગ્રહો, સંબંધો કઈ રીતે સુધારી શકાય, આત્મવિશ્વાસમાં વધારો કઈ રીતે કરી શકાય, વ્યક્તિના કામની પ્રશંસા કરી તેને અભિપ્રેરીત કેવી રીતે કરી શકાય ઉપરાંત ટટ્ટાર બેસવાથી થતા ફાયદા, ઈર્ષ્યા, નફરત અને કામચોરીથી થતાં નુકસાન, મન-શરીર વચ્ચેનો સંબંધ અને હકારાત્મક, નકારાત્મક વિચારોની અસરથી ઉપસ્થિત તાલીમાર્થીઓને માહિતી ગાર કર્યા હતા. આ પ્રસંગે ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનની બંને કૉલેજોના વિભાગીય અધ્યક્ષો તેમજ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અજયભાઈ રાવલ અને ડૉ. વિભાબેન દ્વિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

### માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા

# રવિવારે ઘ-૪ના સર્કલ ખાતે પુસ્તક પરબ યોજવામાં આવશે

**પરબની મુલાકાત લેનારા દરેક પુસ્તકપ્રેમીને બે પુસ્તકો અને બે મૅગેઝિન ભેટમાં આપવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨૯

દર માસના પ્રથમ રવિવારે છેલ્લા સાડા ચાર વર્ષથી પુસ્તક પરબ નિયમિત યોજવામાં આવે છે, જેનો વાચકો ભરપૂર લાભ લે છે. આગામી તા. ૧ જુલાઈના રોજ સવારે ૭.૩૦થી ૯.૩૦ દરમિયાન ઘ-૪ સર્કલ ખાતે પુસ્તક પરબ યોજાઈ રહી છે.

પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવસમાં પુસ્તકોનાં વાચનનો પ્રસાર કરવાનો છે. નાગરિકોમાં વાચનની ટેવ કેળવાય એવો તેનો આશય છે. ગુજરાતમાં ૧૫૮ સ્થળોએ પુસ્તક પરબ યોજવામાં આવે છે, જેની મુલાકાત લેનારને બે પુસ્તકો અને બે સામાયિક નિઃશુલ્ક આપવામાં આવે છે.

ગાંધીનગરમાં આયોજિત પુસ્તક પરબનો લાભ લેવા માટે આ પ્રવૃત્તિના કર્તા કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, વાઘેલાભાઈ, રોહિણી પરમાર, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાન્ત ગર્ગ દ્વારા ભાવકોને અનુરોધ કરાયો છે.

# સંસ્કૃતિ સંસ્થા દ્વારા હિન્દી ફિલ્મી ગીતોનો રસપ્રદ કાર્યક્રમ યોજાયો







સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે તાજેતરમાં જાણીતા વક્તા જય વસાવડાની પસંદગીનાં હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ ખીચોખીચ ભરાયેલા ટાઉનહૉલમાં નીરજ પાઠક, સન્ની શાહ, નયના શર્મા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. પંકજ પાઠકના અદ્ભૂત વાદ્ય સંગતના તાલે અને જય વસાવડાના અભ્યાસુ, રસપ્રદ અને મનભાવન સંચાલન તળે કલાકારોએ મન મૂકીને ગાયેલાં ગીતો શ્રોતાઓએ આકંઠ માણ્યાં હતાં.

# મારે મરીન એન્જિનીયરિંગમાં અભ્યાસ કરવો છે

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રો ના સાથ અને સહકાર થી આજે ફરી નમસ્કાર. આપ સૌ વાચક મિત્રો ના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમ માં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' એ એક કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ છે જ્યાં તમે મનમાં આવતા કારકિર્દી વિષયક પ્રશ્નો પૂછી શકો છો. અમારા કારકિર્દી વિશેષજ્ઞ શ્રી હાર્દિક પરીખ તમને તમારા પ્રશ્નો નું સચોટ નિરાકરણ પૂરું પાઠવે છે.

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
**હાર્દિક કે. પરીખ**

**૧. મારે ૧૨ સાયન્સ પછી મરીન એન્જિનીયરિંગમાં અભ્યાસ કરવો છે. શું આ ક્ષેત્ર સારું છે? કોલેજ, સિલેક્શન પદ્ધતિ અને સ્કોપ વિષે વધારે માહિતી આપવા વિનંતી.**

**- વિરેન્દ્રસિંહ, ગાંધીનગર**



વિરેન્દ્ર તમારો પ્રશ્ન ખૂબ જ સરસ છે કારણ કે તમે એક ચોક્કસ દિશામાં જવા માંગો છો અને તેના વિષે તમારે માર્ગદર્શન જોઈયે છે. મરીન એંજીન્યરિંગ નો અભ્યાસ ગુજરાતમાં ખેરવા સ્થિત ગણપત યુનિવેર્સિટીમાં પણ થાય છે. આ કોર્સ કરનારા વિદ્યાર્થીઓ ઓછા હોય છે કારણ કે ઘણા વિદ્યાર્થીઓને આના વિષે જાણકારી નથી હોતી. આ કોર્સ કર્યા પછી તમને એક શીપ (જહાજ) પર મરીન એંજીનિયર તરીકે જોબ મળી શકે છે. શીપની લાઈફ ઘણી રોમાંચક અને સાથે આરામદાયક પણ હોય છે. મોટાભાગે પગાર ડોલરમાં મળતો હોવાથી તે પણ ઘણો સારો મળતો હોય છે. ઘણી સંસ્થાઓ આ કોર્સ કર્યા પછી પ્લેસમેંટ (જોબ) ની ગેરંટી પણ આપતી હોય છે. કોઈ પણ સંસ્થામાં જોડાતા પેહલા તે સંસ્થા સરકાર માન્ય છે કે નહીં તે ચકાસી લેવું. ગણપત યુનિવેર્સિટીમાં આ કોર્સમાં તમને ૧૨માના મેરીટ ઉપર એડ્મિશન પણ મળી શકે છે. આ કોર્સ ગુજરાત ની બહાર પુણે, મુંબઈ, કોલકતા, ચેન્નઈ જેવા અન્ય શેહરોમાં પણ થતો હોય છે. આ કોર્સ માટે ૧૨માં ધોરણમાં PCM અથવા PCMB હોવું જરૂરી છે. અંગ્રેજીમાં ફાવટ (લગભગ ૫૦% થી વધુ માર્કસ) ઘણી બધી સંસ્થાઓ માંગતી હોય છે. તદુપરાંત સરકાર દ્વારા નિર્દેશિત મેડિકલ ફિટનેસ પણ જરૂરી હોય છે. વધારે જાણકારી માટે તમે ઈમેલ, whatsapp કરી શકો છો. શુભકામનાઓ.

**૨. હું એક BCom કરેલો વિદ્યાર્થી છું. હાલ હું TCS ગાંધીનગરમાં જોબ કરું છું. આગળ મારે સ્ન્છ કરવાની ઈચ્છા છે. કેટલા વર્ષ જોબ કરી ને MBA કરવું હિતાવહ કેહવાય ? મને હાલ એક વર્ષનો અનુભવ છે.**


**- નિલીન, ગાંધીનગર**



MBA તમે વિચારી રહ્યા છો એ એક સારો વિકલ્પ છે અને તમને આગળ એક સારું કરિયર બનાવી આપશે. બહુજ અગત્યની વાત એ છે કે તમે સ્ન્છ કોઈ નામાંકિત કોલેજમાથી કરો. આજકાલ ઘણી MBA અને તેના જેવા અભ્યાસક્રમ કરાવતી સંસ્થાઓ ફાટી નીકળી છે. કોલેજ સિલેક્ટ કરતાં પેહલા તે સરકાર માન્ય છે કે નહીં તે ચકાસી લેવું. સામાન્ય રીતે જો ભારતમાં સ્થિત કોઈ સારી કોલેજમાંથી સ્ન્છ કરવું હોય તો CAT, CMAT, XAT, SNAP, NMAT, વિગેરે જેવી પરીક્ષા આપવી પડતી હોય છે. તેમાં સિલેક્ટ થયા પછી તમારી પર્સનાલિટીનું મૂલ્યાંકન અમુક ચોક્કસ ટેસ્ટ દ્વારા કરવામાં આવે છે. એમાં પણ ઉતીર્ણ થયા પછી સિલેક્શન થતું હોય છે. અનુભવની વાત કરીયે તો જેટલો હોય તેટલો સારો ગણાય. છતાં લગભગ ૨ વર્ષથી વધારે જો અનુભવ હોય તો સારું ગણાતું હોય છે. અગત્યની વાત એ છે કે MBA કરવા માટે અનુભવ જરૂરી નથી. સારી MBA કોલેજમાં લગભગ ૫૦% વિદ્યાર્થીઓ અનુભવી અને બાકીના ૫૦% બિનઅનુભવી હોતા હોય છે. અને તમને એક વર્ષનો જે અનુભવ છે તે પણ તમને સ્ન્છ પરીક્ષામાં પાસ થવામાં મદદરૂપ થશે. વધારે જાણકારી માટે તમે ઈમેલ, whatsapp કરી શકો છો. શુભકામનાઓ.

**૩. મારૂ નામ જય છે. મે એંજીન્યરિંગનો અભ્યાસ કર્યો છે. હવે આવનારી SBI, IBPS જેવી અન્ય પરીક્ષાઓ મારે આપવી છે. અત્યારે પ્રાઇવેટમાં જોબ લેવી કે માત્ર પરીક્ષાની તૈયારી પર ધ્યાન આપું તે મૂંઝવણમાં છું. માર્ગદર્શન આપવા વિનંતી.**

**- જય, હિમતનગર**



જય તમે બૅન્કિંગ ક્ષેત્રે જે પરીક્ષાઓની વાત કરી તે ખુબ જ નજીકના ભવિષ્યમાં થવાની છે. તદુપરાંત અમુક ચોક્કસ પ્રકારના એંજીનિયર મિત્રો, જેમ કે IT, Civil, વિગેરે, સ્પેશિયાલિસ્ટ ઓફિસર (SO)ની પરીક્ષા પણ આપી શકે છે. આ બધી પરીક્ષાઓનો પ્રથમ તબક્કો લગભગ ફેબ્રુઆરી સુધીમાં પૂરો થઈ જાય છે. માટે જો તમે અત્યાર સુધી રોકાયા છો અને પરીક્ષા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે તો ૪-૫ મહિના વધારે આપી દેશો તો તે અમારા મત મુજબ સારું રહેશે. પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ જ્યાં સુધી તમને ફાઈનલ પોસ્ટિંગ ના મળે ત્યાં સુધી તમે ચોક્કસ જોબ કરી શકો છો.

પ્રાઈવેટ જોબ કે બીજી કોઈ પણ જોબ ખરાબ નથી હોતી. દરેક જોબ તમને કઈક શીખવાડેજ છે. પણ તમારા ધ્યેયને જો ધ્યાનમાં રાખીએ તો અત્યારે તમારી પાસે સુવર્ણ તક છે તમારી મેહનતનું નિષ્કર્ષ લાવવાની. આ તક ચુકતા નહીં. ચોક્કસ પ્લાનિંગ સાથે ખુબજ મેહનત કરો, સફળતા તમને મળશે. વધારે જાણકારી માટે તમે ઈમેલ, whatsapp કરી શકો છો. શુભકામનાઓ.

આપના કરિયર ને લગતી મૂંઝવણો અને પ્રશ્નો What's aap કે Email ધ્વારા પૂછી શકો છો.

ઈmail ID- questions.careercroner@gmail.com

(M) ૮૮ ૪૯ ૨૨ ૧૬ ૫૩,

નોંધ - તમારા પ્રશ્નો સાથે તમારુ નામ,ઉંમર, અભ્યાસ, ઈmail-ID અને મોબાઈલ નંબર લખવો આવશ્યક છે.